**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

ગુજરાત વડી અદાલત, અમદાવાદ ખાતે

**ફોજદારી અપીલ નં. ૧૦૪૧ સને ૨૦૧૧**

મંજૂરી અને સહી માટે: માનનીય ન્યાયમૂર્તિશ્રી કે.જે.ઠાકર

==================================================

૧ શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની પરવાનગી આપી શકાય ?

૨ રિપોર્ટરને જાણ કરવી કે કેમ ?

૩ નામદાર ન્યાયમૂર્તિશ્રીઓ આ ચુકાદાની આખરી નકલ જોવા ઇચ્છે છે કે કેમ?

૪ શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલ કોઈ હુકમ અંગે કાયદાનો કોઈ સંગીન પ્રશ્ન સંકળાયેલો છે?

==================================================

ગોવિંદભાઈ રમણલાલ ચૌહાણ....અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય....સામાવાળા(ઓ)

==================================================

ઉપસ્થિતી:

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે વકીલ શ્રી ગજેન્દ્ર પી. બઘેલ

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે નોટિસ બજેલ.

સામાવાળા(ઓ) નં. ૧ તરફે અધિક સરકારી વકીલ કુ. એમ.એચ. ભટ્ટ

==================================================

માનનીય ન્યાયમૂર્તિ શ્રી કે.જે.ઠાકર સમક્ષ

તારીખ : ૧૧/૦૩/૨૦૧૫

મૌખિક ચુકાદો

૧. આ, અહીંના મૂળ આરોપી-અપીલકર્તા દ્વારા કરવામાં આવેલી અપીલ છે, જેમાં વિદ્ધાન સત્ર ન્યાયાધીશ, ખેડા મુકામે નડિયાદ (ટૂંકમાં, 'નીચલી અદાલત') દ્વારા સેશન્સ કેસ નં.૫૯/૨૦૧૦માં તારીખ: ૩૦.૦૮.૨૦૧૦ ના રોજ આપવામાં આવેલ ચુકાદા અને આદેશને પડકારવામાં આવ્યો છે, જેના દ્વારા, વિદ્ધાન નીચલી અદાલતે આરોપીને દોષિત ઠેરવ્યા અને નીચે મુજબ સજા ફટકારી;

(૧) આઈપીસીની કલમ ૩૬૩ હેઠળના ગુના માટે પાંચ વર્ષની સખત કેદની સજા ભોગવવા અને રૂ. ૫,૦૦૦/- નો દંડ ભરવા, અને દંડ ન

ભરે તો વધુ બે વર્ષની સખત કેદની સજા ભોગવવી;

(૨) આઈ.પી.સી. ની કલમ ૩૬૬ હેઠળના ગુના માટે પાંચ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૫,૦૦૦/- નો દંડ ચૂકવવો, અને દંડ ચૂકવવામાં કસૂર થયેથી વધુ બે વર્ષની સખત કેદની સજા ભોગવવી;

(૩) આઈ.પી.સી.ની કલમ ૩૭૬ હેઠળના ગુના માટે દસ વર્ષની સખત કેદની સજા ભોગવવી અને રૂ.૧૦,૦૦૦/- નો દંડ ભરવો અને દંડ ન ભરે તો વધુ ત્રણ વર્ષની સખત કેદની સજા ભોગવવી.

૨. ફરિયાદ પક્ષના કેસની ટૂંકી હકીકત, જે નીચલી અદાલત સમક્ષ રજૂ કરવામાં આવી હતી, એ મુજબ છે કે ભોગ બનનારની માતાએ તારીખ ૦૯.૧૧.૨૦૦૯ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન સમક્ષ એક ફરિયાદ નોંધાવી હતી, જેમાં, તેણીએ જણાવ્યું હતું કે તેણીના પ્રથમ લગ્નથી, તેણીએ ભોગ બનનાર સહિત બે પુત્રીઓને જન્મ આપ્યો હતો અને, તેણીના પ્રથમ પતિનું બીમારીને કારણે અવસાન થતાં, તેણીએ જગદીશભાઈ નામના વ્યક્તિ સાથે પુનર્લગ્ન કર્યા હતા. ફરિયાદીએ, તેની ફરિયાદમાં, વધુમાં, જણાવ્યું હતું કે તારીખ ૨૪.૦૮.૨૦૦૯ ના રોજ, તેણીના પતિ જગદીશભાઈ ઘરે ન હતા અને તેણી બપોરે સૂઈ ગઈ હતી. આશરે સાંજે ૦૪:૩૦ વાગ્યે, ભોગ બનનારની માતાને તેણી ગુમ થયેલી જણાઈ, અને, તેથી, તેણીએ તે અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. ત્યારબાદ, તારીખ ૦૨.૦૯.૨૦૦૯ ના રોજ,

ફરિયાદીને તેણીના પ્રથમ પતિના મિત્રો પૈકીના એકનો ફોન કોલ મળ્યો, જેણે તેણીને જાણ કરી કે ભોગ બનનાર તેના ઘરે આવી હતી. તેથી, ફરિયાદી ત્યાં ગઈ અને ભોગ બનનારની પૂછપરછ કરતાં, ફરિયાદીને જાણવા મળ્યું કે આરોપીએ તેણીને લલચાવી હતી. તેથી, ફરિયાદીએ પ્રશ્નવાળી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ નોંધાયા પર, પોલીસે કથિત ગુનાની તપાસ હાથ ધરી અને પૂરતા પુરાવા મળતાં, આરોપી વિરુદ્ધ આરોપનામું દાખલ કર્યું. આરોપીએ ગુનો કબૂલ ન કરતાં, કેસ ચલાવવામાં આવ્યો હતો.

૩. ઇન્સાફી કાર્યવાહી સમયે, પોતાનો કેસ સાબિત કરવા માટે, ફરિયાદ પક્ષે નીચે મુજબના સાક્ષીઓને તપાસ્યા હતા;

| **મૌખિક પુરાવો** | | |
|---|---|---|
| **અ.નં.** | **સાક્ષીઓ** | **પ્રઆંક** |
| ૧ | ઉષાબેન રામચંદ્ર | ૯ |
| ૨ | ડૉ. કલ્પના ધીરેન શાહ | ૧૧ |
| ૩ | દિનેશભાઈ ખેમચંદ પટેલ | ૨૦ |
| ૪ | ભોગ બનનાર | ૧૬ |
| ૫ | ડૉ. અમીનભાઈ કરશનભાઈ સિહોરા | ૨૪ |
| ૬ | રૂપાજી કાલાજી નિનાનમા | ૨૮ |
| ૭ | ભરતસિંહ પુંજાભાઈ વાઘેલા | ૨૯ |

૪. તે ઉપરાંત, ફરિયાદ પક્ષે કેટલાક દસ્તાવેજી પુરાવાઓ પણ રજૂ કર્યા હતા, જે નીચે મુજબ છે;

| દસ્તાવેજી પુરાવો | | |
|---|---|---|
| અ.નં. | દસ્તાવેજ | આંક |
| ૧ | ફરિયાદ | ૧૦ |
| ૨ | ભોગ બનનારના કપડાંની જપ્તીનું પંચનામું | ૨૫ |
| ૩ | આરોપીના કપડાં જપ્ત કર્યાનું પંચનામું | ૨૬ |
| ૪ | ગુનાના સ્થળનું પંચનામું | ૨૭ |
| ૫ | આરોપીનું તબીબી પ્રમાણપત્ર | ૧૫ |
| ૬ | ભોગ બનનારનું તબીબી પ્રમાણપત્ર | ૧૩ |
| ૭ | શાળા છોડ્યાનું પ્રમાણપત્ર | ૨૧ |
| ૮ | એફ.એસ.એલ.નો અહેવાલ | ૩૪ |
| ૯ | સીરોલોજીકલ અહેવાલ | ૩૫ |

૫. સાક્ષીઓનો પુરાવો નોંધ્યા બાદ અને રેકર્ડ પરની સામગ્રી વંચાણે લીધા બાદ, નીચલી અદાલતે વાદગ્રસ્ત હુકમ પસાર કર્યો હતો. આથી, હાલની અપીલ કરવામાં આવી છે.

૬. આરોપી–અપીલકર્તા તરફે વિદ્વાન વકીલ શ્રી બઘેલે રજૂઆત કરી કે

નીચલી અદાલતે એ હકીકતની મૂલવણી કરવી જોઈતી હતી કે ફરિયાદપક્ષ આરોપી–અપીલકર્તા વિરુદ્ધ આઈપીસીની કલમો ૩૬૩, ૩૬૬ અને ૩૭૬ હેઠળનો આરોપ સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે. તેમણે વધુમાં રજૂઆત કરી કે નીચલી અદાલતે એમ ઠરાવવું જોઈતું ન હતું કે ભોગ બનનાર સગીર હતી. તેમણે રજૂઆત કરી કે અન્યથા પણ, નીચલી અદાલતે આરોપીને દોષિત ઠેરવવામાં ગંભીર ભૂલ કરી છે, કારણ કે તે રેકર્ડ પરની સામગ્રીની તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલવણી કરવામાં નિષ્ફળ રહી છે, અને તેથી, તેમણે પ્રાર્થના કરી કે અપીલ મંજૂર કરવામાં આવે.

૭. બીજી તરફ, વિદ્વાન એ.પી.પી. સુશ્રી ભટ્ટે નીચલી અદાલતના હુકમનું સમર્થન કર્યું અને રજૂઆત કરી કે નીચલી અદાલતે રેકર્ડ પરની સામગ્રીને ધ્યાનમાં લીધા બાદ જ સદર હુકમ પસાર કર્યો છે, અને તેથી, આ અદાલત દ્વારા હસ્તક્ષેપ માટે કોઈ અવકાશ નથી.

૮. અપીલકર્તાના વિદ્વાન વકીલ અને રાજ્યના વિદ્વાન એ.પી.પી.ને સાંભળ્યા અને તેમની મદદથી રેકર્ડ પરની સામગ્રીનું અવલોકન કર્યું.

૯. આરોપીનો ગુનો સાબિત કરવા માટે, નીચલી અદાલતે ભોગ બનનારની માતાને ફરિયાદી પક્ષના સાક્ષી નં. ૧ તરીકે તપાસ્યા. ફરિયાદી પક્ષના સાક્ષી નં.

૧ એ, તેમની જુબાની (આંક–૯) માં, જણાવ્યું હતું કે કથિત બનાવના દિવસે, તેમના પતિ તેમના કામે ગયા હતા અને તેઓ તેમના બાળકો સાથે ઘરે હતા અને તેઓ, પછી, સૂઈ ગયા હતા. ફરિયાદી પક્ષના સાક્ષી નં. ૧ એ, વધુમાં, જણાવ્યું હતું કે જ્યારે તેઓ જાગ્યા, ત્યારે તેમને ભોગ બનનાર ગુમ થયેલી જણાઈ અને, તે પાછી ન આવતા, ફરિયાદી પક્ષના સાક્ષી નં. ૧ એ તેમના સગા–સંબંધીઓ વગેરેને ત્યાં પૂછપરછ કરી હતી. તેમણે, વધુમાં, જણાવ્યું હતું કે તેમણે ભોગ બનનારના ગુમ થવા અંગે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી અને ભોગ બનનાર ક્યાં છે તેની જાણ થતાં, તેઓ તેને પોલીસ સ્ટેશને લઈ ગયા હતા અને તેના અનુસંધાને, ફરિયાદી પક્ષના સાક્ષી નં. ૧ એ પોલીસ સમક્ષ આરોપી વિરુદ્ધ ફરિયાદ આપી હતી. આ સાક્ષીએ ભોગ બનનારની ઉંમર સાબિત કરવા માટે તેનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. તેમની ઊલટતપાસમાં, આ સાક્ષીએ જણાવ્યું હતું કે તેમણે ભોગ બનનારનું નામ નોંધાવ્યું ન હતું, પરંતુ, તેમના પ્રથમ પતિએ ભોગ બનનારનું નામ નોંધાવ્યું હતું. તેમણે, વધુમાં, જણાવ્યું હતું કે જ્યાં સુધી તેમણે ફરિયાદ આપી ન હતી, ત્યાં સુધી તેઓ ભોગ બનનાર ક્યાં છે તે વિશે જાણતા ન હતા. ફરિયાદી પક્ષના સાક્ષી નં. ૧ એ જણાવ્યું હતું કે ભૂરાભાઈએ તેમને જાણ કરી હતી કે ભોગ બનનાર તેમના ઘરે આવી છે અને જ્યારે તેઓ ભોગ બનનારને લેવા ગયા, ત્યારે તેણે તેમની સાથે આવવાની ના પાડી દીધી હતી. ફરિયાદી પક્ષના સાક્ષી નં. ૧ એ, તેમની ઊલટતપાસમાં, સ્વીકાર્યું હતું કે પોલીસ સમક્ષના તેમના નિવેદનમાં, તેમણે જણાવ્યું છે કે તેમણે

તેમના પતિને જાણ કરી હતી કે ભોગ બનનાર મળી રહી નથી, અને તેથી, પોલીસ ફરિયાદ નોંધાવવી પડશે અને તે હેતુ માટે, અમે અમદાવાદ ગયા અને મન્સુરી યુનુસભાઈ નામના વકીલને મળ્યા, જેમણે ફરિયાદ લખી હતી, અને પછી, અમે તે પોલીસ સ્ટેશનમાં આપી હતી. ફરિયાદી પક્ષના સાક્ષી નં. ૧ એ, પછી, સ્વીકાર્યું હતું કે તેમના વધ ારાનાનિવેદનમાં, તેમણે જણાવ્યું હતું કે ભોગ બનનાર અમદાવાદથી ગુમ થઈ ગઈ છે અને તેને કોઈએ લલચાવી–ફોસલાવી નથી અને તેમણે ભોગ બનનારની ઉંમર આશરે જણાવી હતી.

૧૦. ફરિયાદપક્ષના સાક્ષી નં.૨, જે તબીબી અધિકારી હતા અને જેમણે ભોગ બનનારની શારીરિક તપાસ કરી હતી, તેમણે તેમની જુબાની (આંક–૧૧)માં જણાવ્યું હતું કે ભોગ બનનારે તેમની સમક્ષ એવી હકીકત જણાવી હતી કે તે પોતાની સ્વતંત્ર ઇચ્છા અને મરજીથી, તારીખ ૨૪.૦૮.૨૦૦૯ ના રોજ આરોપી સાથે દાવડા ગઈ હતી અને તેઓ ત્યાં, એટલે કે આરોપીની માસીના ઘરે, આશરે છ દિવસ રોકાયા હતા અને ત્યાંથી, તેઓ આરોપીના મોટા ભાઈના ઘરે ગયા હતા અને ત્યાં તેઓ આશરે સાત દિવસ રોકાયા હતા અને બંને સ્થળોએ, આરોપીએ તેની સંમતિથી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. ફરિયાદપક્ષના સાક્ષી નં.૨ એ જણાવ્યું હતું કે ભોગ બનનારે તેની ઉંમર ૧૮ વર્ષની હોવાનું જણાવ્યું હતું. ફરિયાદપક્ષના સાક્ષી નં.૨ મુજબ, જ્યારે તેમણે ભોગ બનનારની તપાસ કરી, ત્યારે તાજેતરના સંભોગના કોઈ ચિહ્નો નહોતા. ફરિયાદપક્ષના સાક્ષી નં.૨

એ તારીખ ૧૬.૧૧.૨૦૦૯ ના રોજ આરોપીની પણ શારીરિક તપાસ કરી હતી અને આરોપીએ પણ તેમને એવી હકીકત જણાવી હતી કે ભોગ બનનાર તેની સાથે આવી હતી અને તેણે તેની સંમતિથી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. તેમની ઊલટતપાસમાં, આ સાક્ષીએ જણાવ્યું હતું કે ભોગ બનનાર તેમજ આરોપીની બાહ્ય તપાસ પરથી, તેમને તે બંનેમાંથી કોઈના શરીર પર ઈજાના કોઈ નિશાન જણાયા નહોતા. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે ભોગ બનનાર સાથે તાજેતરના સંભોગના કોઈ ચિહ્ન નહોતા. ફરિયાદપક્ષના સાક્ષી નં.૨ મુજબ યોનીપટલ કૂદવાથી, દોડવાથી અથવા કસરતને કારણે તૂટી શકે છે.

૧૧. ભોગ બનનારની ઉંમર સાબિત કરવા માટે, ફરિયાદ પક્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં. ૨૨ ના મુખ્ય શિક્ષકને ફરિયાદપક્ષના સાક્ષી નં.૩ તરીકે તપાસ્યા હતા. ફરિયાદપક્ષના સાક્ષી નં.૩ એ, તેમની જુબાની (આંક–૨૦) માં, જણાવ્યું હતું કે ભોગ બનનારની જન્મ તારીખ ૦૧.૦૯.૧૯૯૨ છે. ઉપરોક્ત બાબતે આ સાક્ષીનો પુરાવો અબંદિત રહે છે.

૧૨. ભોગ બનનારની ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ તરીકે તપાસ કરવામાં આવી હતી અને તેમની જુબાની (આંક–૨૪) માં, તેમણે જણાવ્યું હતું કે તારીખ ૨૪.૦૮.૨૦૦૯ ના રોજ, આરોપીએ તેમને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે, જો, તે નહીં આવે, તો તે આત્મહત્યા કરી લેશે, અને તેથી, તે પોતાનું ઘર છોડીને

જતી રહી હતી. ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ એ જણાવ્યું હતું કે આરોપી, ત્યારબાદ, તેણીને દાવડા અને મરીડા લઈ ગયો હતો, જ્યાં તેઓ અનુક્રમે લગભગ પાંચ દિવસ અને ચાર દિવસ રોકાયા હતા. તેણીએ, વધુમાં, જણાવ્યું હતું કે આરોપી દિવસમાં બે વાર, તેણીની ઇચ્છા અને મરજી વિરુદ્ધ, તેણીની સાથે શારીરિક સંબંધ બાંધતો હતો. તેમની ઊલટતપાસમાં, ભોગ બનનારે જણાવ્યું હતું કે જ્યારે આરોપીએ તેણીનું શારીરિક શોષણ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેણીએ બૂમો પાડી હતી અને પોતાનો બચાવ કરવા માટે પ્રયત્નો પણ કર્યા હતા. તેણીએ, વધુમાં, જણાવ્યું હતું કે તેણીએ ભૂરાભાઈ અથવા તેના માતા-પિતા સમક્ષ એવું જણાવ્યું ન હતું કે તે આરોપીનો વાંક હતો. ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ એ જણાવ્યું હતું કે તે પોતાની મેળે પોતાનું ઘર છોડીને ગઈ ન હતી. તેણીએ, ત્યારબાદ, જણાવ્યું હતું કે કોઈ તેને લેવા આવ્યું ન હતું. તેણીએ એમ પણ જણાવ્યું હતું કે તેણીએ આરોપી સાથેના તેના પ્રેમ સંબંધ વિશે તેની માતાને જાણ કરી હતી. તેણીએ પુનરોચ્ચાર કર્યો હતો કે આરોપીએ ફોન કરીને તેણીને ધમકી આપી હતી કે જો તે નહીં આવે, તો તે મરી જશે, અને તેથી, તે ગઈ હતી.

૧૩. ફરિયાદપક્ષના સાક્ષી નં.૫ એ પોલીસ કર્મચારી હતા, જેમણે ભોગ બનનારની માતાએ આપેલી ફરિયાદ નોંધી હતી. તેમની ઊલટતપાસમાં, આ સાક્ષીએ એવા સૂચનનો ઇનકાર કર્યો હતો કે ફરિયાદીએ લેખિતમાં ફરિયાદ આપી હતી.

૧૪. ફરિયાદપક્ષના સાક્ષી નં.૬, જેમણે કથિત ગુનાની તપાસ કરી હતી, તેમણે તેમની જુબાની (આંક–૨૯) માં જણાવ્યું હતું કે ગુનાના સંબંધમાં તેમણે ભોગ બનનાર અને અન્ય સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતા, મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને તેને પૃથક્કરણ વગેરે માટે એફ.એસ.એલ.ને મોકલ્યો હતો. તેમની ઊલટતપાસમાં, આ સાક્ષીએ જણાવ્યું હતું કે ભોગ બનનારે, તેમની સમક્ષના નિવેદનમાં, જણાવ્યું હતું કે તેણીએ આરોપીને ફોન કર્યો હતો અને તેને જાણ કરી હતી કે તેના પિતાએ તેને માર માર્યો છે, અને તેથી, હું તારી પાસે આવું છું અને ત્યારબાદ તે અમદાવાદ છોડીને નડિયાદ ગઈ હતી. ફરિયાદપક્ષના સાક્ષી નં.૬ એ વધુમાં જણાવ્યું હતું કે એ વાત સાચી નથી કે તપાસ દરમિયાન એવું બહાર આવ્યું હતું કે ભોગ બનનારે પોતાને બચાવવા માટે બૂમાબૂમ કરી હતી અને તે સંબંધિત સમયે, આરોપીના સંબંધીઓ પોતપોતાના ઘરે હાજર હતા. ફરિયાદપક્ષના સાક્ષી નં.૬ એ વધુમાં જણાવ્યું હતું કે જે જગ્યાએ આરોપીએ ભોગ બનનારને રાખી હતી તેની નજીકમાં બીજા મકાનો પણ આવેલા છે.

૧૫. ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં રજૂ કરેલા ઉપરોક્ત મૌખિક પુરાવાઓના પ્રકાશમાં, હવે, આ અદાલતે તે તપાસવાનું રહે છે કે શું ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કર્યો છે તેમ કહી શકાય? અહીં, ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે કથિત ગુનાની તારીખે, ભોગ બનનાર સગીર હતી

અને આરોપીએ તેણીને તેના વાલીઓના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી-ફોસલાવી હતી. તે સંદર્ભમાં, જો આપણે ફરિયાદપક્ષના સાક્ષી નં.૩, જેઓ તે શાળાના મુખ્ય શિક્ષક હતા જ્યાં ભોગ બનનાર અભ્યાસ કરતી હતી, તેમની જુબાની તપાસીએ, તો આ સાક્ષી મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૦૧.૦૯.૧૯૯૨ છે, જેને દસ્તાવેજી પુરાવા આંક-૨૧, એટલે કે ભોગ બનનારના શાળા છોડ્યાના પ્રમાણપત્રથી સમર્થન મળે છે. કથિત બનાવ તારીખ ૨૪.૦૮.૨૦૦૯ ના રોજ બન્યો હતો, અને આથી, ભોગ બનનારની ઉંમર આશરે ૧૬ વર્ષ અને ૧૧ મહિનાની થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, કથિત બનાવ સમયે ભોગ બનનાર લગભગ ૧૭ વર્ષની ઉંમરની હતી તેમ કહી શકાય, અને તેથી, તેણી પોતાના કૃત્યોના પરિણામોને સમજવા માટે વાજબી પરિપક્વતા ધરાવે તેવી અપેક્ષા રાખી શકાય.

૧૬. હવે, એવા નિષ્કર્ષ પર આવ્યા પછી કે ભોગ બનનાર કથિત બનાવની તારીખે લગભગ ૧૭ વર્ષની વયની હતી, આ અદાલતે તે તપાસવાનું રહે છે કે, શું આરોપીએ તેણીને તેના કાયદેસરના વાલીઓના કબજામાંથી લલચાવી હતી તેમ કહી શકાય? તે સંદર્ભમાં, જો આપણે ભોગ બનનાર-ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ ના પુરાવાની તપાસ કરીએ, તો તેની સરતપાસમાં, તેણે જણાવ્યું હતું કે આરોપીએ તેને ફોન કર્યો હતો અને તેની સાથે આવવા કહ્યું હતું. તેની વિરુદ્ધ, જો આપણે ફરિયાદપક્ષના સાક્ષી નં.૫ ના પુરાવાની તપાસ કરીએ, તો આ

સાક્ષીએ જણાવ્યું હતું કે ભોગ બનનારે, તેની સમક્ષ તારીખ ૧૩/૧૧ ના રોજ આપેલા તેના નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે આરોપીને ફોન કર્યો હતો અને તેને કહ્યું હતું કે તે તેની પાસે આવી રહી છે. ફરિયાદપક્ષના સાક્ષી નં.૬ ના આ પુરાવાને ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ ના પુરાવાથી સમર્થન મળે છે, જેણે તેની ઊલટતપાસમાં જણાવ્યું હતું કે જ્યારે તે તેના ઘરેથી નીકળી ત્યારે કોઈ તેને લેવા આવ્યું ન હતું. આ હકીકત એ દર્શાવે છે કે ભોગ બનનાર પોતાની મેળે તેના ઘરેથી નીકળી હતી અને આરોપી સાથે જોડાવા માટે નડિયાદ ગઈ હતી. વધુમાં, ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ એ તેના પુરાવામાં જણાવ્યું હતું કે આરોપીએ તેની ઇચ્છા વિરુદ્ધ તેની સાથે જાતીય સંભોગ કર્યો હતો અને તેણે પોતાને બચાવવા માટે બૂમો પાડી હતી. જોકે, જો આપણે ફરિયાદપક્ષના સાક્ષી નં.૨ ના પુરાવાની તપાસ કરીએ, જેણે ભોગ બનનારની શારીરિક તપાસ કરી હતી, તો ફરિયાદપક્ષના સાક્ષી નં.૨ સમક્ષ, ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ એ જણાવ્યું હતું કે તે પોતાની સ્વતંત્ર ઇચ્છાથી આરોપી સાથે ગઈ હતી અને આરોપીએ તેની સંમતિથી તેની સાથે જાતીય સંભોગ કર્યો હતો. વધુમાં, ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ ના પુરાવા મુજબ તે જાણતી નથી કે જે સ્થળે આરોપીએ તેને રાખી હતી તેની આસપાસના વિસ્તારમાં અન્ય મકાનો છે કે કેમ. ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ નો આ પુરાવો ફરિયાદપક્ષના સાક્ષી નં.૬ ના પુરાવાથી ખોટો ઠરે છે, જેણે તેના પુરાવામાં જણાવ્યું હતું કે જે સ્થળે આરોપીએ તેને રાખી હતી તેની આસપાસના વિસ્તારમાં મકાનો આવેલા છે.

ફરિયાદપક્ષના સાક્ષી નં.૬ એ જે સ્થળોએ આરોપી અને ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં. ૪ રહ્યા હતા તે સ્થળોના પડોશમાં રહેતા વ્યક્તિઓના નિવેદનો નોંધ્યા હતા. જોકે, તેમાંથી કોઈએ પણ ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ ના કેસને સમર્થન આપ્યું હોય તેવું જણાતું નથી કે તેણે મદદ માટે બૂમો પાડી હતી. જો ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ ના સમગ્ર પુરાવાની તપાસ કરવામાં આવે, તો ન તો તેના દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે ન તો ફરિયાદ પક્ષનો એવો કેસ છે કે આરોપીએ તેને લગ્નનું વચન આપીને લલચાવી હતી. આમ, એકવાર, રેકર્ડ પર એવું આવી ગયું છે કે ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ કથિત બનાવની તારીખે લગભગ ૧૭ વર્ષની વયની હતી અને તે આરોપી પાસે ગઈ હતી, નહીં કે આરોપી આવીને તેને લઈ ગયો હતો, ત્યારે એવું કહી શકાય નહીં કે ફરિયાદ પક્ષે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ અને ૩૬૬ હેઠળ પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સફળતાપૂર્વક સાબિત કર્યો છે.

૧૭. જ્યાં સુધી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ હેઠળના ગુનાના પાસાંનો સવાલ છે, ફરિયાદપક્ષના સાક્ષી નં.૨ ના જણાવ્યા મુજબ, ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ ની શારીરિક તપાસણી સમયે, તેમણે તાજેતરના ભૂતકાળમાં જાતીય સંભોગના કોઈ ચિહ્નો જોયા ન હતા. એટલું જ નહીં, એફ.એસ.એલ.નો અહેવાલ પણ ઉપરોક્ત પાસાં પર ફરિયાદ પક્ષને સમર્થન

કરતો નથી. ફરિયાદપક્ષના સાક્ષી નં.૨ નો એ પુરાવો કે તેમણે આરોપીના કે ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ ના શરીર પર કોઈ ઈજા જોઈ ન હતી, તે ભોગ બનનાર–ફરિયાદપક્ષના સાક્ષી નં.૪ ની અને ફરિયાદ પક્ષની એ વાતનું ખંડન કરે છે કે આરોપીએ તેની મરજી વિરુદ્ધ તેની સાથે જાતીય સંભોગ કર્યો હતો. વધુમાં, ફરિયાદપક્ષના સાક્ષી નં.૨ નો એ પુરાવો કે દોડવું, કૂદવું વગેરે જેવી શારીરિક કસરતને કારણે યોનિપટલ તૂટી શકે છે, તે પણ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ હેઠળના ગુનાના પાસાં પર ફરિયાદ પક્ષની વાત અંગે શંકા ઊભી કરે છે.

૧૮. આ બાબતને ઉપરોક્ત દ્રષ્ટિએ જોતાં, અહીં સર્વોચ્ચ અદાલતના "એમ.ડી. અલી ઉર્ફે ગુડ્ડુ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય" ના કેસમાં, ફોજદારી અપીલ નં. ૨૨૩૮/૨૦૧૦ અને સંલગ્ન બાબતોમાં, તારીખ : ૧૦.૦૩.૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ તાજેતરના બિન–નોંધાયેલ નિર્ણયનો ઉલ્લેખ કરવો સુસંગત રહેશે. તે કેસમાં, તેમાંના મૂળ આરોપી–અપીલકર્તાને અન્ય ત્રણ આરોપીઓ સાથે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૬, ૩૬૮ અને ૩૭૬ હેઠળ સજાપાત્ર ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. નીચલી અદાલતના આદેશથી નારાજ થઈને, તેમાંના અપીલકર્તા વડી અદાલત સમક્ષ ગયા, જેણે નીચલી અદાલતનો આદેશ યથાવત રાખ્યો. આથી, તેમાંના આરોપી–અપીલકર્તા સર્વોચ્ચ અદાલત સમક્ષ ગયા અને આરોપી–અપીલકર્તાની અપીલ મંજૂર કરતી વખતે, સર્વોચ્ચ

અદાલતે ઉક્ત ચુકાદાના ફકરા–૨૧ માં નીચે મુજબ અવલોકન કર્યું;

"૨૧. એ નોંધનીય છે કે, તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી કે ભોગ બનનારની એકમાત્ર જુબાનીના આધારે, જો તે નિર્વિવાદ અને દોષરહિત હોય, તો દોષસિદ્ધિનો આધાર રાખી શકાય છે. પ્રસ્તુત કેસમાં, વિદ્વાન નીચલી અદાલતના ન્યાયાધીશ તેમજ વડી અદાલતે સાક્ષીની જુબાનીની સ્વીકાર્યતા અને વિશ્વસનીયતાની મૂલવણી કર્યા વિના આ સિદ્ધાંતથી પોતાને દૂર રાખ્યા છે. ખરેખર, એમ કહેવું અયોગ્ય નથી કે વિવાદિત ચુકાદામાં જે પણ વિશ્લેષણ છે, તે માત્ર એક અયોગ્ય અભિગમ દર્શાવે છે. ભોગ બનનારે જુબાની આપી છે કે તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં આવી હતી અને લગભગ બે મહિના સુધી જુદા જુદા ઘરોમાં રહી હતી. તેના દ્વારા આપવામાં આવેલી એકમાત્ર સ્પષ્ટતા એ છે કે તેને આરોપીઓ દ્વારા ધમકી આપવામાં આવી હતી. તેની જુબાનીમાં એવું નથી કે તેને એક જ જગ્યાએ ગોંધી રાખવામાં આવી હતી. ખરેખર, રેકર્ડ પરની સામગ્રી પરથી એ સ્પષ્ટ થયું છે કે તેણે એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી કરી હતી અને તેના પર અનેક વખત બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ

સંજોગોમાં, તબીબી પુરાવો મહત્વનો બને છે, કારણ કે તપાસ કરનાર ડોક્ટરે સ્પષ્ટપણે જુબાની આપી છે કે ગુપ્તાંગો પર કોઈ ઈજાઓ નથી. પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) નોંધાવવામાં વિલંબ, સાક્ષીઓની તપાસ ન કરવી, ભોગ બનનારની જુબાની, સંબંધિત સંજોગો અને તબીબી પુરાવો, ભોગ બનનારની જુબાનીને વિશ્વાસ પ્રેરિત કરવા માટે એટલી સ્વાભાવિક અને સત્યપૂર્ણ ગણવા પર શંકાની છાપ છોડી જાય છે. એ નિશ્ચિતતાપૂર્વક કહી શકાય કે ભોગ બનનારનો પુરાવો એવી ગુણવત્તાનો નથી કે જેના પર વિશ્વાસ મૂકી શકાય. એ સાચું છે કે, કાયદાનું વ્યાકરણ ભોગ બનનારની જુબાનીને કોઈ મહત્વપૂર્ણ વિગતો વિના કોઈ પણ સમર્થન વગર સ્વીકારવાની પરવાનગી આપે છે, કારણ કે તેને ઈજાગ્રસ્ત સાક્ષી કરતાં ઉચ્ચ સ્થાને મૂકવાની હોય છે, પરંતુ, એક મહત્વની વાત એ છે કે, જ્યારે કોઈ અદાલત, પુરાવાની સાવચેતીપૂર્વકની ચકાસણી પર, ભોગ બનનારના કથનને સ્વીકારવાનું મુશ્કેલ માને છે, કારણ કે તે દોષરહિત નથી, ત્યારે એવા પ્રત્યક્ષ અથવા પરિસ્થિતિજન્ય પુરાવાની શોધ કરવાની આવશ્યકતા છે જે તેની જુબાનીને વિશ્વાસ અપાવે. જેમ કે પ્રસ્તુત કેસ દર્શાવે છે, તેની જુબાની વિશ્વાસ પ્રેરિત કરતી નથી, અને પરિસ્થિતિજન્ય

પુરાવો તેને સહેજ પણ સમર્થન આપતો નથી. બંનેના અભાવમાં, અમને એવું ઠરાવવાની ફરજ પડે છે કે વિદ્વાન નીચલી અદાલતના ન્યાયાધીશે આરોપી–અપીલકર્તાઓને કથિત ગુનાઓ માટે ભૂલભરેલી રીતે દોષિત ઠેરવ્યા છે અને વડી અદાલતે રેકર્ડ પરની સામગ્રીની પુનઃમૂલવણી કર્યા વિના, તેને મંજૂરીની મહોર આપીને ભૂલ કરી છે."

૧૯. આ સંજોગોમાં, આ અદાલતના મતે, નીચલી અદાલતે આક્ષેપિત ચુકાદો અને આદેશ પસાર કરવામાં ગંભીર ભૂલ કરી છે અને તે રદ કરવાને પાત્ર છે.

૨૦. પરિણામે, હાલની અપીલ મંજૂર કરવામાં આવે છે. નીચલી અદાલતનો તારીખ : ૩૦.૦૮.૨૦૧૦ નો ચુકાદો અને આદેશ, જે આરોપી–અપીલકર્તાને આઈપીસીની કલમ ૩૬૩, ૩૬૬ અને ૩૭૬ હેઠળના ગુના માટે દોષિત ઠેરવે છે, તેને રદ કરવામાં આવે છે અને આરોપીને તેમાંથી નિર્દોષ છોડી મૂકવામાં આવે છે. આરોપી–અપીલકર્તા જામીન પર છે, અને તેથી, તેના જામીન અને જામીનખત રદ થાય છે. દંડની રકમ, જો કોઈ ચૂકવવામાં આવી હોય, તો તે આરોપીને પરત કરવામાં આવે. રેકર્ડ અને કાર્યવાહી તાત્કાલિક સંબંધિત અદાલતને પરત મોકલવામાં આવે.

**(કે.જે. ઠાકર, ન્યાયમૂર્તિ)**

*The translation of this judgment has been provided by M/s. Hyperlink E-Solution Private Limited.*

==================================================

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

***DISCLAIMER:*** *The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.*